# પ્રકરણ - ૫

## ગુજરાતી પ્રયોગશીલ નવલકથાની વસ્તુસંકલના : મારો દૃષ્ટિકોણ.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સાહિત્ય, ચિત્રકલા, સંગીત અને રંગભૂમિ ક્ષેત્રે આધુનિકતાનાં વલણો જોવા મળે છે. એઝરા પાઉન્ડ " Make it New "નો આગ્રહ સેવે છે. અને એ રીતે આધુનિકતાનો એક ખ્યાલ બંધાતો જાય છે. આધુનિકતાનું મુખ્ય લક્ષણ માનવીય મટીને અમાનવીય બનવું એટલે કે કલાકીય સંવેદના ઊભી કરવી એમ ઓર્તેગા માને છે. આધુનિકતામાં કલાત્મક અભિગમ કેન્દ્ર સ્થાને છે. કલાત્મક અભિગમ એટલે કલાસર્જકો ને કલાભાવકો પૂરતી મર્યાદિત કલા આના પાયામાં વ્યક્રમ છે.

સાહિત્યક્ષેત્રે પ્રતીકવાદી કવિતાથી આધુનિકતાનો આરંભ થયો થયો. આ આધુનિકતા નવલકથાક્ષેત્રે પણ અસરકારક નીવડી. રેંબો, યેટ્સ, રિલ્કે, એલિયટ, જેઇમ્સ જોય્સ, કામૂ, કાફ્કા વગેરે આધુનિક લેખકો છે. સ્ટીફન સ્પેન્ડર આગવું વૈયક્તિક દર્શન હોય એને આધુનિકતા કહે છે. પણ આધુનિકતા તો એબ્સર્ડ સુધી વિસ્તરી છે. સ્વકીય મુદ્રાનું ઉપસવું એ પણ આધુનિકતાનું એક લક્ષણ છે. ૧૯30ની આસપાસ પશ્ચિમમાં

આધુનિક વલણો સમી જવા આવ્યાં છે એમ રેન્ડોલ જેરેલ ( The end of ~~xxxx~~ line ) માને છે. પણ આપણે ત્યાં આધુનિકતા આવે છે. ૧૯૬૦ની આસપાસ. ગુજરાતી સાહિત્ય વિષે આધુનિકતાની ચર્ચા કરતાં કવિતાના સંદર્ભમાં શ્રી નિરંજન ભગત રોમેન્ટિસિઝમ, સીમ્બોલિઝમ અને સુરરિયલિઝમનો ઉલ્લેખ કરે છે. પણ નવલકથા ક્ષેત્રે આધુનિકતા આવી તે વિષે કોઇ સ્પષ્ટ સંકેતો મળતા નથી. સ્વાતંત્ર્યોત્તર યુગમાં પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, સુંદરમ્, શિવકુમાર જોશી વગેરે નવલકથાઓ આપે છે, પણ એ નવલકથાઓને આપણે આધુનિક ગણીશું નહિ.

સામાન્ય રીતે નવલકથાની આધુનિક વિભાવનાનાં લક્ષણ આ પ્રમાણે ગણવામાં આવ્યાં છે.

૧. નવલકથામાં અનુભૂતિનું વિશ્વ અસામાન્ય હોવું જોઇએ.

૨. વસ્તુસંકલનાની જડતા ક્રમિકતા ન હોવાં જોઇએ.

૩. ચરિત્રોની વિકાસગતિ સ્પષ્ટ ને સુરેખ નહિ, છતાં Total Man ની પ્રતીતિ થતી હોવી જોઇએ.

૪. નવલકથાકારના ખ્યાલો-મતો, આદર્શો એમાં ઇમ્પોઝ થયેલા ન હોવા જોઇએ.

૫. વસ્તુસંકલના અંતે કલાકૃતિ બની રહેવી જોઇએ.

ઉપર્યુક્ત ખ્યાલો અધૂરા છે. છેલ્લે છેલ્લે વ્યુત્ક્રમ, પદ્યમુક્તિ, ગદ્ય-કાવ્ય, અસ્પષ્ટતા, અર્થનિરપેક્ષતા વગેરે આધુનિક નવલકથામાં

આવ્યાં છે. આમ છતાં ગુજરાતી નવલકથા આધુનિક કહેવડાવ્યા પછી નવલકથા રહી છે કે નહિ એ પ્રશ્ન ચર્ચવા જેવો છે. નવલકથામાં "કથા" શબ્દ મહત્ત્વનો છે. "કથા" આંતર્ ચેતનાના પ્રવાહોરૂપે અવતરે એની સામે વાંધો હોઇ શકે નહિ, પણ એ વિચ્છિન્ન તાંતણાઓનું પણ એક સૌંદર્ય પ્રગટવું જોઇએ એની ઝાઝી પ્રતીતિ કેમ થતી નથી.

ગુજરાતી પ્રયોગશીલ નવલકથાના અભ્યાસને અંતે મારા મનમાં ઉપસતાં કેટલાંક મુદ્દાઓ અહીં રજુ કરું છું.

૧. કવિતાના આક્રમક પ્રભાવને લીધે નવલકથા કાવ્યત્વ પામી છે, પણ નવલકથાના ગદ્યની તરાહોનો જે વિનિયોગ એમાં થવો જોઇએ તે થતો નથી. આથી ગદ્ય-કાવ્ય મળે છે, પણ નવલકથા મળતી નથી. "આસ્તી" "છિન્નપત્ર" અને "મરણોત્તર" ગદ્યકાવ્યના ઉત્કૃષ્ટ નમૂના છે. એમાં આધુનિકતાનો સંસ્પર્શ છે છતાં એ નવલકથાઓ તરીકે સ્વીકારાયા છતાં આપણા કેટલાક મૂર્ધન્ય વિવેચકોને સ્વરૂપની દૃષ્ટિએ કેમ સંદેહ છે ? સગુંફિત રૂપનિર્મિતિ ઝંખે તો પણ સ્વરૂપનું બાષ્પીભવન તો ન જ થવું જોઇએ. આ દિશામાં આધુનિક પ્રયોગશીલ નવલકથા સભાન હોય એવું લાગતું નથી.

૨. પરંપરિત જડતા પ્રમાણે કથાના ક્રમિક વિકાસની અપેક્ષા આધુનિક પ્રયોગશીલ નવલકથા પાસે ન રાખીએ તોય કેન્દ્રસ્થ ગતિવિધિ ક્રિયાઓ વિસ્તરવી જોઇએ અને એની પ્રતીતિ થવી જોઇએ. પણ કથા તત્ત્વ નિમિત્તે

કશો નવો ન્મેષ કે કશી ગતિવિધિ જોઇ શકાતી નથી. Stream of consciousness - ની અભિવ્યક્તિ પછી એનું પોત બંધાવું જોઇએ તે બંધાતું હોય એવું લાગતું નથી.

3. નવલકથા અને નવલિકા વચ્ચેની ભેદરેખા લઘુનવલના સ્વરૂપમાં ભૂંસાઇ જતી લાગે છે. ઘણીવાર કેટલીક લઘુનવલો લંબાયેલી ટૂંકીવાર્તા જેવી લાગે છે. રાધેશ્યામ શર્માની "ફેરો" અને "સ્વપ્નતીર્થ"ને ઉદારતા લંબાયેલી ટૂંકીવાર્તા કહેવામાં વાંધો ન હોય શકે.

૪. સર્ગ-શક્તિનો અભાવ આ પ્રયોગશીલ નવલકથાના વસ્તુ-સંકલનમાં લાગે છે. પ્રયોગશીલતાના આગ્રહ સેવવા છતાં હજી આપણી પાસે સંવેદનસભર વસ્તુનો અભાવ છે. પ્રણયની સ્થૂળતા ઓગાળી અંતે પ્રણય-મુક્ત કથાનક વ્યક્તિના સ્થૂળ વ્યવહારોને બદલે સૂક્ષ્મ વ્યવહારો અને ચાક્ષુષ વર્ણનોને બદલે આંતરદર્શન તરફ આપણી ગતિ હોવા છતાં એ પેટર્નની આગવી છાપ ઉપસવી જોઇએ તે હજી ઉપસી નથી.

૫. આધુનિક નવલકથાકાર ભાષા પરત્વે સભાન થયો છે. પણ એની સભાનતા સર્જકની છાપ જન્માવે છે, નવલકથામાં પાત્રોચિત જે ભાષાનું પોત ઉપસવું જોઇએ તે ઉપસતું નથી. નવલકથાકારની ભાષાના પડછાયા વેરાયેલા જોવા

મળે છે, તે એની મર્યાદા ? સુરેશ જોશીની નવલ "છિન્નપત્ર" અને "મરણોત્તર"ની ભાષા શૈલી કેવી રીતે ભિન્ન પાડશો ? વળી એ શૈલી નાયકોચિત વિવિધ તરાહમાં અવતરે છે ખરી ? કલ્પનોના ચોસલાઓ અને વાક્ય-ખંડો સર્જકના અન્ય સર્જનથી નવલકથાના સંદર્ભે કોઇ રીતે જુદી પડે છે ખરી ? આ ક્ષેત્રે હજી આપણે સજ્જ થયા નથી.

૬. સર્જન લીલા અને એ દ્વારા કળાબોધ થાય એ ગમે પણ સ્વરૂપગત લાક્ષણિકતાઓની પ્રતીતિ સાથે એનું પ્રાગટ્ય અસરકારક નીવડવું જોઇએ. ગુજરાતી પ્રયોગશીલ નવલકથા એના માળખામાં રહી ઝાઝો કળાબોધ કરાવતી હોય એવું લાગતું નથી.

૭. નવલકથા એ લોકોનું સ્વરૂપ છે. નવલકથા વધુ વંચાય છે એ સ્વીકારવું પડશે. ભલે નવલકથાકાર લોકતંત્રને વાચા ન આપે પણ લોકતંત્રને કેળવે એ ઈચ્છવા યોગ્ય છે. તેથી આત્યંતિક પ્રયોગશીલ થયું અને સહૃદયભાવક પણ ન માણી શકે તેવું સંદિગ્ધ સર્જન કરવું એનો અર્થ શો ? "નિશાચક" જેવી કૃતિ સહૃદય ભાવકને પણ પામવી અઘરી હોય તો એ પ્રયોગશીલતા કેટલી ઉપકારક?

૮. નવલકથાનું માધ્યમ અંતે તો મનુષ્ય કે મનુષ્યને એના પૂર્ણરૂપમાં પ્રગટ કરવાનું છે. આ મનુષ્ય એના સાંપ્રત સંચલનોમાંથી પ્રગટી આખા એ સમયગાળાનું પ્રતિનિધિ બ

કરે એ રીતે એનું ચિત્રણ થાય એવી સામાન્ય સમજ છે. સનાતન સાહિત્યનું સર્જન એ સમાજની ઉત્કટ સ્થિતિનું કળારૂપ આપવામાં રાચે છે. "Total Man "ની સાથે "Howle= time " પણ એમાં ગૂંથવો જોઇએ. સ્વાતંત્ર્યોત્તર પ્રયોગશીલ કૃતિઓમાંથી એક્ય કૃતિ કાળના પ્રવાહમાં ટકી શકે એમ છે ? હજી આપણી દૃષ્ટિ સરસ્વતીચંદ્ર પર જ કેમ મંડાયેલ છે ? સાંસ્કૃતિક પરિવેશ વચ્ચે જીવતો મનુષ્ય કૃતિમાં નખશિખ પ્રગટવો જોઇએ એ હજી આ પ્રયોગશીલ નવલકથામાં થવાનું બાકી છે.

સ્પેન્ડર આધુનિક પ્રયોગાત્મક સાહિત્યની મંદ ગતિનાં ત્રણ કારણો આપે છે એમાં :

૧. આધુનિક સાહિત્યમાં પ્રતિકો સંકુલ હોય છે. અભિવ્યક્તિ સંદિગ્ધ હોય છે, તેથી ભાવક એને અવગત કરી શકતો નથી.

૨. રૂઢિગત મૂલ્યો સામે સર્જકનાં મૂલ્યો ઓછાં સંતોષકારક નીવડયાં છે, એટલે કે નવાં મૂલ્યો સર્જકની પૂરેપૂરી પકડમાં આવ્યાં નથી. તેથી ભાવક એ મૂલ્યોને રૂઢિગત મૂલ્યોના પ્રમાણમાં સ્વીકારી શકતો નથી.

૩. સાંપ્રત સમાજની વ્યવસ્થાના સ્વરૂપની લેખકે વશવર્તી ચાલવું પડે. એની અભિવ્યક્તિ ને અસબાબ ગમે તેટલા આધુનિક હોય પણ પ્રતીતિકર સાંપ્રત સમાજ એની કૃતિમાં

ન ઝીલાયો હોય તો ભાવક એને આસ્વાદી શકતો નથી.

ગુજરાતી પ્રયોગશીલ નવલકથા ભાવક સુધી પહોંચી નથી પછી વાચકો સુધી પહોંચવાનો પ્રશ્ન ક્યાં રહ્યો ? ૬૨ વર્ષે થોકબંધ નવલકથાઓમાં પ્રયોગશીલ નવલકથાનું અત્ર-તત્ર પ્રગટ થવું એ શુભ ચિહ્ન ગણાયું હોવા છતાં એથી સર્જક અને ભાવક વચ્ચે સેતુ રહ્યો નથી એ આપણે ભૂલવું જોઈએ નહિ.

આમ છતાં ગુજરાતી પ્રયોગાત્મક નવલકથા એની મર્યાદાઓ સાથે આગવી તાસીર ઉપસાવી શકી છે અને એકેડેમીક વાતાવરણમાં ઊહાપોહ જન્માવી શકી છે એ એની સિદ્ધિ. ધોરી માર્ગ વચ્ચેથી ફંટાતી કેડીનું એક આગવું મૂલ્ય હોય છે. અંધકારમાં ઝબકતા તારાઓ વચ્ચે આગિયાના ઝબકારાની એક વિશેષ અનુભૂતિ થાય છે. એવું પરંપરિત નવલકથાના પ્રવાહમાં પ્રયોગશીલ નવલકથામાં અનુભવાય છે. આ નવ્ય અનુભૂતિ, નવ્ય અભિવ્યક્તિ અને નવ્ય રૂપનિર્મિતિ ગુજરાતી નવલકથાનું આગવું પ્રદાન બની રહેશે ત્યારે પુનઃમૂલ્યાંકનનો ઘણો અવકાશ રહેશે. અત્યારે તો જે સ્થિતિ-પરિસ્થિતિ છે એનું મૂલ્યાંકન કરી ગુજરાતી નવલકથા ક્યાં ઊભી છે. એટલું સ્પષ્ટ કરવાનો મારો ઉપક્રમ હતો, તે થયાનું હું આનંદ લઈ શકું અન્યથા અનેક શક્યતાઓ મારા શોધ-વિષયમાં આવતી ન હોવાથી મેં એની ચર્ચા અહીં કરી નથી. આ મારો નમ્ર પ્રયાસ ગુજરાતી પ્રયોગાત્મક નવલકથાની વસ્તુ-સંકલનાને સ્પષ્ટ કરવાની સફળ થયાની મને પ્રતીતિ થતી લાગે છે. બાકી તો ગંજાવર વહાણવટામાં હું હલેસું લઈ નીકળ્યો છું.